# BVB

## PROVISIONAL ANSWER KEY

| | |
|---|---|
| **Name of the post** | **Common General Studies Paper for Different Advertisements** |
| **Advertisement No.** | **9993/2026-27** |
| **Preliminary Test Held On** | **09-08-2026** |
| **Que. No** | **001-100** |
| **Publish Date** | **17-08-2026** |
| **Last Date to Send Suggestion (s)** | **21-08-2026 (Till 04:00 PM)** |

**THE LINK FOR ONLINE OBJECTION SYSTEM WILL START FROM 18-08-2026; 11:00 AM ONWARDS**

## Instructions / સૂચના

**Candidate must ensure compliance to the instructions mentioned below, else objections shall not be considered: -**

(1) Candidates have to pay fees of Rs.100/- for each objection. The fees can be paid from the link given herewith.

(2) The Candidate will be able to submit objection only after payment of the fees. The generation of the receipt will only be considered as final submission.

(3) The Candidate must retain the receipt of the payment of the fees. The fees, once paid, will not be refunded under any circumstances.

(4) All the objections should be submitted through **ONLINE OBJECTION SUBMISSION SYSTEM** only. Physical or submission through any other means will not be considered.

(5) All objections are to be submitted with reference to the Master Question Paper published with provisional answer key, published herewith on the website / online objection submission system. Objections should be sent referring to the Question No. & options of the Master Question Paper. Objections regarding question nos. and options other than provisional answer key (Master Question Paper) shall not be considered.

(6) Objections and answers suggested by the candidate should be in compliance with the responses given by him in his answer sheet. Objections shall not be considered, in case, if responses given in the answer sheet /response sheet and submitted objections are differed.

(7) Supportive document to the objection must be uploaded, without which objection will not be considered.

(8) Objections must be supported by authentic references or documentary evidence. Objections based solely on AI, GPT, or similar tools without supporting evidence shall not be considered. For calculation-based, mathematical, statistical, or reasoning questions, candidates shall provide the relevant calculation, methodology, or logical basis in support of the objection.

**ઉમેદવારે નીચેની સૂચનાઓનું પાલન કરવાની તકેદારી રાખવી, અન્યથા વાંધા-સૂચન અંગે કરેલ રજૂઆતો ધ્યાને લેવાશે નહીં**

(1) ઉમેદવારે દરેક વાંધા દીઠ રૂપિયા ૧૦૦/-ફી ભરવાની રહેશે. જે ફી આ સાથે આપેલ લીંક ઉપરથી ભરી શકાશે.

(2) ફી ભર્યા બાદ જ વાંધો સબમીટ થઈ શક્શે. ફી ભર્યાની આખરી પહોંચ જ આખરી સબમીશન ગણાશે.

(3) ફી ભર્યાની પહોંચ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે. એક વાર ભરેલ ફી કોઈ પણ પરિસ્થિતિમાં પરત આપવામાં આવશે નહિ.

(4) વાંધા ફક્ત **ઓનલાઈન ઓબ્જેકશન સબમીશન સીસ્ટમ** દ્વારા જ સબમીટ કરવાના રહેશે. રૂબરૂ, ટપાલ અથવા ઈ-મેઈલ કે અન્ય કોઈ રીતે આયોગને મોકલવામાં આવેલ વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(5) ઉમેદવારે પોતાને પરીક્ષામાં મળેલ પ્રશ્નપુસ્તિકામાં છપાયેલ પ્રશ્નક્રમાંક મુજબ વાંધા-સૂચનો રજૂ ન કરતાં, તમામ વાંધા-સૂચનો વેબસાઈટ પર પ્રસિધ્ધ થયેલ પ્રોવિઝનલ આન્સર કી(માસ્ટર પ્રશ્નપત્ર) ના પ્રશ્નક્રમાંક મુજબ અને તે સંદર્ભમાં રજૂ કરવા. માસ્ટર પ્રશ્નપત્રમાં નિર્દિષ્ટ પ્રશ્ન અને વિકલ્પ સિવાયના વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં.

(6) ઉમેદવારે પ્રશ્નના વિકલ્પ પર વાંધો રજૂ કરેલ છે અને વિકલ્પ રૂપે જે જવાબ સૂચવેલ છે એ જવાબ ઉમેદવારે પોતાની ઉત્તરવહીમાં આપેલ હોવો જોઈએ. ઉમેદવારે સૂચવેલ જવાવ અને ઉત્તરવહીનો જવાબ ભિન્ન હશે તો ઉમેદવારે રજૂ કરેલ વાંધા ધ્યાને લેવાશે નહીં.

(7) વાંધા માટે સંદર્ભ જોડવો આવશ્યક છે, જેના વિના વાંધો ધ્યાને લેવામાં આવશે નહીં.

(8) વાંધો પ્રમાણભૂત અને અધિકૃત સંદર્ભો અથવા દસ્તાવેજી પુરાવાથી સમર્થિત હોવો આવશ્યક છે. માત્ર AI, GPT અથવા સમાન સાધનો દ્વારા જનરેટ કરાયેલ અને આધારભૂત પુરાવા વિનાના વાંધાઓની વિચારણા કરવામાં આવશે નહીં. ગણતરી આધારિત, ગાણિતિક, આંકડાશાસ્ત્રીય અથવા તાર્કિક પ્રશ્નોના કિસ્સામાં ઉમેદવારે સબંધિત ગણતરી, પદ્ધતિ અથવા તાર્કિક આધાર રજૂ કરવાનો રહેશે.

Website link for online objection submission system: https://www.formonline.co.in/GPSC_TRACK/SearchPage.aspx

1. હડપ્પીય સંસ્કૃતિ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

   1. અફઘાનિસ્તાનના શોર્તુઘઈ નામના સ્થળેથી નહેરોના અવશેષો મળ્યા છે.

   2. બનાવલીમાંથી માટીનું હળ મળી આવ્યું છે.

   ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

   (A) ફક્ત 1 (B) ફક્ત 2

   (C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

2. સિંધુ ખીણની સંસ્કૃતિના કયા સ્થળે કપડા પરના રંગકામ અને ભરતકામના સૌથી પહેલા પ્રમાણો જોવા મળે છે?

   (A) ધોળાવીરા (B) મોહેંજો દડો

   (C) લોથલ (D) આમરી

3. "RCEP" એ વિશ્વનો સૌથી મોટો મુક્ત વેપાર કરાર છે. 2019માં કયા/કયા દેશ/દેશોએ આમાંથી બહાર નીકળવાનો વિકલ્પ પસંદ કર્યો?

   1. યુએસએ 2. ભારત

   3. ચીન 4. રશિયા

   નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 2

   (C) ફક્ત 2 અને 4 (D) ફક્ત 1 અને 3

4. જો 'P' એટલે '+', 'Q' એટલે '–', 'R' એટલે '×' અને 'S' એટલે '÷' હોય તો

7P7S7R7Q7 = ________.

(A) 7 (B) 14

(C) 0 (D) 42

5. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના સંદર્ભમાં નીચેનામાંથી કઈ દલીલ ભારત જેવા દેશો દ્વારા કરવામાં આવતી વિસ્તરણની માંગ સાથે સૌથી વધુ સુસંગત છે?

(A) સમાનતા સુનિશ્ચિત કરવા માટે કાયમી સભ્યપદ સંપૂર્ણપણે નાબૂદ કરવું જોઈએ.

(B) વિસ્તરણમાં માત્ર આર્થિક રીતે વિકસિત દેશોનો જ સમાવેશ થવો જોઈએ.

(C) વીટો પાવર યુએનની સામાન્ય સભાના તમામ સભ્ય દેશો સુધી લંબાવવો જોઈએ.

(D) કાઉન્સિલનું વર્તમાન માળખું હવે વર્તમાન ભૌગોલિક-રાજનૈતિક (જીઓપોલિટિકલ) વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતું નથી અને તેની વૈધતા તથા પ્રતિનિધિત્વ વધારવા માટે વિસ્તરણની જરૂર છે.

6. ભારતના દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે પૃથ્વીના સૌથી જૂના ભૂમિભાગોમાંનું એક છે.

2. આ ઉચ્ચપ્રદેશ ખનિજ સંસાધનોથી સમૃદ્ધ છે.

3. આ ઉચ્ચપ્રદેશની મોટાભાગની નદીઓ બારમાસી વહેતી નદીઓ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 3

7. લેક્ટોઝ ન પચવાની સમસ્યા અને આહાર અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જ્યારે શરીરમાં લેક્ટોઝ ઉત્સેચકની ઊણપ હોય છે, ત્યારે અપાચિત લેક્ટોઝ સીધું મોટા આંતરડામાં પહોંચે છે, જ્યાં બેક્ટેરિયા દ્વારા તેનું આથવણ થાય છે.

2. તમામ લેક્ટોઝ ન પચવાની સમસ્યા ધરાવતાં વ્યક્તિઓએ દૂધના બધાં ઉત્પાદનો સંપૂર્ણપણે ટાળવા પડે છે.

3. દહીંમાં રહેલા બેક્ટેરિયા લેક્ટોઝના પાચનમાં મદદ કરી શકે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

8. કોઈપણ દેશને વિદેશી મૂડીની જરૂર શા માટે હોય છે?

1. રોકાણના ઉચ્ચ સ્તરને જાળવી રાખવા માટે

2. તકનીકી (ટેકનોલોજીકલ) તફાવતને પૂરવા માટે

3. વપરાશના ઉચ્ચ સ્તરને જાળવી રાખવા માટે

4. ગ્રાહકોને સબસિડી પૂરી પાડવા માટે

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 1 અને 2
(D) ફક્ત 3 અને 4

9. કનિષ્કના સામ્રાજ્યમાં મુખ્ય બે મહત્વના રાજકીય કેન્દ્રો કયાં હતાં?

(A) પુરુશાપુરા અને પાટલીપુત્ર
(B) સારનાથ અને શ્રીનગર
(C) પુરુશાપુરા અને મથુરા
(D) મથુરા અને સારનાથ

10. નીચેનામાંથી કઈ ટેકનોલોજી ક્વોન્ટમ કમ્પ્યુટિંગ સાથે જોડાયેલી છે?

1. સુપરપોઝિશન (Superposition)

2. એન્ટેન્ગલમેન્ટ (Entanglement)

3. બ્લોકચેઈન (Blockchain)

4. ફોટોવોલ્ટેઇક્સ (Photovoltaics)

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 3 અને 4
(D) ફક્ત 1 અને 4

11. એક સાંકેતિક ભાષામાં CAT = 57 હોય તો MATHS = ________.

(A) 58
(B) 74
(C) 54
(D) 78

12. વૈશ્વિક સપ્લાય ચેઈન (પુરવઠા સાંકળ) અને આર્થિક સુરક્ષા અંગેની ચર્ચાઓના સંદર્ભમાં, ખાસ કરીને કોવિડ-19 મહામારી પછી, નીચેનામાંથી કયું વિધાન “ફ્રેન્ડ-શોરિંગ” (Friend-shoring)ની વિભાવનાને સૌથી સારી રીતે સમજાવે છે?

(A) વિરોધી અથવા પ્રતિસ્પર્ધી દેશો પરની નિર્ભરતા ઘટાડવા માટે સપ્લાય ચેઈનને રાજકીય રીતે સમાન વિચારધારા ધરાવતા અને વિશ્વાસુ દેશોમાં સ્થાનાંતરિત કરવી.

(B) ખર્ચની ચિંતા કર્યા વિના તમામ ઉત્પાદન પ્રવૃત્તિઓને પોતાના જ દેશમાં (સ્વદેશમાં) પરત લાવવી.

(C) ભૌગોલિક-રાજનૈતિક (જીઓપોલિટિકલ) બાબતોને ધ્યાનમાં લીધા વિના વૈશ્વિક સપ્લાય ચેઈનનું નિર્માણ કરવું.

(D) ઉત્પાદનનું આઉટસોર્સિંગ માત્ર અને માત્ર વિકાસશીલ દેશોને જ કરવું.

13. નીચે આપેલાં નિવેદન અને કારણ ધ્યાને લો:

નિવેદન(A): પશ્ચિમ તટીય મેદાન એ પૂર્વ તટીય મેદાન કરતાં વધુ સાંકડું છે.

કારણ(R): જોકે પશ્ચિમ ઘાટ અરબી સમુદ્રના કિનારાને સમાંતર ચાલે છે, પરંતુ તે તેનાથી દૂર આવેલા છે.

ઉપરોક્તના સંદર્ભમાં નીચેનામાંથી કયું સાચું છે?

(A) નિવેદન(A) અને કારણ(R) બંને સાચાં છે અને કારણ(R) એ નિવેદન(A)ની સાચી સમજૂતી છે.

(B) નિવેદન(A) અને કારણ(R) બંને સાચાં છે પરંતુ કારણ(R) એ નિવેદન(A)ની સાચી સમજૂતી નથી.

(C) નિવેદન(A) સાચું છે, પરંતુ કારણ(R) ખોટું છે.

(D) નિવેદન(A) ખોટું છે, પરંતુ કારણ(R) સાચું છે.

14. જૂની બેટરી ટેકનોલોજીની તુલનામાં સ્માર્ટફોનમાં લિથિયમ-આયન બેટરીના ફાયદાઓ અંગે નીચેનામાંથી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. તેમની પાસે વધુ ઊર્જા ઘનતા અને લાંબા ચાર્જ ચક્ર છે.

2. તેઓ ઉચ્ચ મેમરી અસર અનુભવે છે, જે તેમના બેટરી ચાલવાના સમયને વધારે છે.

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) બંને 1 અને 2
(D) બંનેમાંથી એક પણ નહિ

15. સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં બેવડી ખાધની સમસ્યા નીચેનામાંથી કયા સાથે સંકળાયેલ છે?

(A) રાજકોષીય ખાધ અને ચાલુ ખાતાની ખાધ

(B) રાજકોષીય ખાધ અને મૂડી ખાતાની ખાધ

(C) અંદાજપત્રીય ખાધ અને ચાલુ ખાતાની ખાધ

(D) અંદાજપત્રીય ખાધ અને મૂડી ખાતાની ખાધ

16. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મહાબલીપુરમના રથ મંદિરોનું નિર્માણ ચોલ વંશના શાસકો દ્વારા કરવામાં આવ્યું હતું.

2. બાદામીની ગુફાઓ ભારતમાં સૌથી જૂની હયાત ખડક કાપીને બનાવેલી ગુફાઓ છે.

3. ઓડિશાની ઉદયગિરી અને ખંડગિરીની ગુફાઓ મુખ્યત્વે જૈન સાધુઓ માટે બનાવવામાં આવી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 3

(D) 1, 2 અને 3

17. આઇએમએફ (IMF) દ્વારા બનાવવામાં આવેલ 'સ્પેશિયલ ડ્રોઇંગ રાઇટ' (SDR) શું છે?

1. વૈશ્વિક વેપાર માટે બહાર પાડવામાં આવેલ એક ભૌતિક ચલણ

2. સભ્ય દેશોના સત્તાવાર અનામત ભંડોળને પૂરક બનાવવા માટે ઉપયોગમાં લેવાતી એક આંતરરાષ્ટ્રીય અનામત અસ્કયામત (reserve asset)

3. યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં રહેલા દેશો માટે લોનની સુવિધા

4. યુ.એન. (UN) દ્વારા ઉપયોગમાં લેવાતી કાર્બન ક્રેડિટ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 3 અને 4

(D) ફક્ત 2 અને 4

18. નીચે આપેલો પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે આપેલાં નિવેદનો ધ્યાને લો:

પ્રશ્ન: વિવેકનો શ્રેયા સાથે શો સંબંધ છે?

નિવેદનો: 1. શ્રેયા એ ક્રિશ્નાની એક માત્ર પુત્રી છે.

2. વિવેક, ક્રિશ્નાની પુત્રીનો પતિ છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) નિવેદન 1 અથવા નિવેદન 2 કોઈ પર્યાપ્ત નથી.

(B) નિવેદન 2 એકલું પર્યાપ્ત છે, જ્યારે નિવેદન 1 પર્યાપ્ત નથી.

(C) નિવેદન 1 એકલું પર્યાપ્ત છે, જ્યારે નિવેદન 2 પર્યાપ્ત નથી.

(D) નિવેદન 1 અને નિવેદન 2 એક સાથે પર્યાપ્ત છે.

19. પ્રાદેશિક સંગઠનોના સંદર્ભમાં, નીચેની જોડીઓ ધ્યાનમાં લો:

1. આસિયાન - દક્ષિણપૂર્વ એશિયા

2. આફ્રિકન યુનિયન - આફ્રિકા

3. મર્કોસુર (Mercosur) - યુરોપ

4. સાર્ક - દક્ષિણ એશિયા

ઉપર આપેલ જોડીઓમાંથી કઈ જોડીઓ યોગ્ય રીતે મેળ ખાય છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

20. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મુખ્ય રેખાંશવૃત્ત સૌથી લાંબું રેખાંશવૃત્ત છે.

2. બધાં જ રેખાંશવૃત્તો સમાન લંબાઈના હોય છે.

3. વિષુવવૃત્ત એ સૌથી લાંબું અક્ષાંશવૃત્ત છે.

4. બધાં જ અક્ષાંશવૃત્તો સમાન લંબાઈના હોય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 3 અને 4
(D) 1, 2, 3 અને 4

21. પરમાણુ વીજ ઉત્પાદન કેન્દ્રના કાર્ય અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પરમાણુ રિએક્ટરમાં વિભાજન (Fission) પ્રક્રિયા દ્વારા ઊર્જા ઉત્પન્ન થાય છે.

2. ઉત્પન્ન થયેલી ઊર્જાનો ઉપયોગ પાણીમાંથી વરાળ બનાવવામાં થાય છે, જે ટર્બાઇન ચલાવે છે.

3. પરમાણુ વીજ ઉત્પાદનમાં સીધો વીજ પ્રવાહ રિએક્ટરમાં જ ઉત્પન્ન થાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

22. ટેક્ષ-ટુ-જીડીપી (tax-to-GDP)ના ગુણોત્તર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ ગુણોત્તર દેશના GDPની તુલનામાં કર અને ખર્ચની ક્ષમતાનો ખ્યાલ આપે છે.

2. તે સરકારની જરૂરી ખર્ચને નાણા પૂરાં પાડવાની નાણાકીય ક્ષમતાના સૂચક તરીકે પણ કાર્ય કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

23. ગ્રીકના રાજા એલેક્ઝાન્ડર વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તક્ષશિલાના રાજા આંભીએ એલેક્ઝાન્ડરને પોરસ રાજા સામે યુદ્ધ કરવા આમંત્રણ આપ્યું હતું.

2. એલેક્ઝાન્ડરે ભારતમાંથી પીછેહઠ કરી કારણ કે તેના સૈનિકો થાકેલા, ઘરની યાદ આવતી હતી અને બળવો કરવાની અણી પર હતા.

3. ઈ. સ. 323માં એલેક્ઝાન્ડરનું મૃત્યુ થયું હતું.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) 1, 2 અને 3

(B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3

(D) ફક્ત 1 અને 3

24. 2021માં જાહેર કરાયેલ "ઓકસ" (AUKUS) સુરક્ષા કરાર મુખ્યત્વે કયા ક્ષેત્રમાં ઊંડા સંરક્ષણ સહયોગ સાથે સંકળાયેલો છે?

1. પરમાણુ ઊર્જાથી ચાલતી સબમરીન અને અદ્યતન સંરક્ષણ તકનીકો

2. સહભાગી દેશો માટે સમાન ચલણ સંઘ (કોમન કરન્સી યુનિયન)

3. યુરોપિયન યુનિયન સંરક્ષણ દળોમાં વહેંચાયેલું સભ્યપદ

4. સંયુક્ત કૃષિ સબસિડી

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 1 અને 3

(D) ફક્ત 2 અને 4

25. નીચે આપેલું વિધાન અને નિષ્કર્ષો ધ્યાને લો:

વિધાન: પ્રધાનમંત્રીએ દૃઢતાપૂર્વક કહ્યું કે તેમની સરકાર ગરીબ ખેડૂતો અને ખેત-મજૂરોના ઉત્થાન માટે શક્ય તમામ પ્રયત્નો કરશે.

નિષ્કર્ષો: 1. ગરીબ ખેડૂતો અને ખેત-મજૂરો સિવાય અન્ય તમામને વિકાસનો લાભ મળી ચૂક્યો છે.

2. ભૂતકાળમાં સમાજના કોઈ પણ ભાગના ઉત્થાન માટે ગંભીર પ્રયત્નો કરવામાં આવ્યા નથી.

ઉપરોક્ત માટે નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત નિષ્કર્ષ 1 તારવી શકાય છે.

(B) ફક્ત નિષ્કર્ષ 2 તારવી શકાય છે.

(C) નિષ્કર્ષ 1 અથવા નિષ્કર્ષ 2 તારવી શકાય છે.

(D) નિષ્કર્ષ 1 અથવા નિષ્કર્ષ 2માંથી એક પણ તારવી શકાય નહિ.

26. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતનું બંધારણ 26 જાન્યુઆરી, 1950ના રોજ સંપૂર્ણપણે અમલમાં આવ્યું.

2. ભારતનું બંધારણ અમલમાં આવ્યું તે પહેલાં, ભારતનું શાસન ભારત સરકાર અધિનિયમ, 1935 દ્વારા કરવામાં આવતું હતું.

3. 1935ના આ અધિનિયમે ભારતીયોને સ્વશાસનના ઘણા અધિકારો આપ્યા હતા, કારણ કે તેનો હેતુ ભારત સરકારના સ્વરૂપને સમવાયી (ફેડરલ)માંથી બદલીને એકતંત્રી (યુનિટરી) કરવાનો હતો.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 1 અને 2

(C) 1, 2 અને 3

(D) ફક્ત 2 અને 3

27. નીચે આપેલાં મહાસાગરના પ્રવાહો અને મહાસાગરના જોડકાંને જોડતો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

| મહાસાગરના પ્રવાહો | મહાસાગર |
|---|---|
| a. બેન્ગ્યુએલા પ્રવાહ | 1. દક્ષિણ પેસેફિક |
| b. ક્યુરોશિયો પ્રવાહ | 2. દક્ષિણ એટલાન્ટિક |
| c. હમ્બોલ્ટ પ્રવાહ | 3. ઉત્તર પેસેફિક |
| d. અગુલ્હાસ પ્રવાહ | 4. હિંદ મહાસાગર |

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 2 | 3 | 1 | 4 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 4 | 3 | 1 | 2 |
| (D) | 2 | 3 | 4 | 1 |

28. ભારતમાં કૉલસાની ખાણોના વિતરણ અંગે નીચેનામાંથી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. ઝરીયા (Jharkhand) ક્ષેત્ર ભારતનું સૌથી મોટું કોકિંગ કોલ ક્ષેત્ર છે.
2. કોરબા (Chhattisgarh) ક્ષેત્ર મુખ્યત્વે લિગ્નાઇટ માટે જાણીતું છે.
3. સિંગરેનિ કોલિયરીઝ મુખ્યત્વે ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ખાણો ચલાવે છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

29. નીચેનામાંથી કયું કરાર આધારિત ખેતી(કોન્ટ્રકટ ફાર્મિંગ)નું લક્ષણ નથી?

(A) તે ખેડૂતોને નવા અને વિશ્વસનીય બજારોની પહોંચ પૂરી પાડીને બજાર ગેરંટી પૂરી પાડે છે.
(B) કિંમતો ઉલ્લેખિત નથી અને તેથી ખેડૂતો ભાવમાં અસ્થિરતાનો ભોગ બને છે.
(C) ઉત્પાદકતા સુધારવા માટે કરારબદ્ધ ખેડૂતોને બધી સંબંધિત તકનીકી માહિતી પૂરી પાડવામાં આવે છે.
(D) ખેડૂતો અને પ્રયાજકો વચ્ચે પાક નિષ્ફળતાનું જોખમ વહેંચે છે.

30. ઇન્ડો-ઇસ્લામિક સ્થાપત્ય કલા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ઇન્ડો-ઇસ્લામિક સ્થાપત્યમાં દીવાલો પર ભૌમિતિક ડિઝાઇન, ફૂલ-વેલની ભાત અને કુરાનની આયાતો કોતરવાની શૈલીને 'એરેબેસ્ક' (Arabesque) કહેવાય છે.

2. સજાવટ માટે પથ્થરોની અંદર કિંમતી રત્નો અને અર્ધ-કિંમતી પથ્થરો જડવાની વિશિષ્ટ તકનીકને 'પિયેત્રા દુરા' (Pietra Dura) તરીકે ઓળખવામાં આવે છે.

3. બિજાપુરનું ગોળ ગુંબજ (Gol Gumbaz) એ મોહમ્મદ આદિલ શાહનો મકબરો છે અને તે વિશ્વના સૌથી મોટા ગુંબજોમાંનો એક છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3

31. 'ફાઇવ આઇઝ' (Five Eyes) ગુપ્તચર ગઠબંધનમાં યુ.એસ., યુ.કે., કેનેડા અને કોનો સમાવેશ થાય છે?

1. ન્યુઝીલેન્ડ

2. ઓસ્ટ્રેલિયા

3. જાપાન

4. દક્ષિણ કોરિયા

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 3 અને 4 (D) ફક્ત 1 અને 4

32. જો 'COMMITTEE' શબ્દના અક્ષરોને અંગ્રેજી ડીક્ષનરીના વિરુદ્ધ ક્રમમાં ગોઠવવામાં આવે તો કેટલા અક્ષરોના સ્થાન બદલાતા નથી?

(A) 2 (B) 3 (C) 1 (D) 4

33. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બ્રિટિશ બંધારણ કે જે "અલિખિત" છે તેનાથી વિપરીત, ભારતનું બંધારણ એક "લિખિત બંધારણ" છે. તેનો અર્થ એ છે કે બંધારણ દ્વારા બનાવવામાં આવેલી સરકારની સંસ્થાઓએ તેની જોગવાઈઓ અનુસાર જ કાર્ય કરવું પડશે અને બંધારણની બહાર જઈને કરવામાં આવેલો સત્તાનો કોઈપણ ઉપયોગ ગેરબંધારણીય ગણાશે.

2. ભારતના બંધારણના 'આમુખ' માં સમાવિષ્ટ શબ્દો અનુસાર, સાર્વભૌમત્વ લોકો પાસે છે અને બંધારણની માન્યતાનો અંતિમ સ્રોત 'લોકોની ઈચ્છા' છે.

3. ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાઓનું વિભાજન (separation of powers) નો સિદ્ધાંત એ બીજું કંઈ નહીં પરંતુ ભારતના બંધારણના અનુચ્છેદ 14મા સમાવિષ્ટ 'સમાનતાના સિદ્ધાંતો' નું જ એક પરિણામ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 1 અને 2
(C) 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 3

34. નીચે આપેલી સમુદ્રધૂનીઓ અને તેમની વચ્ચેના માર્ગનાં જોડકાં ધ્યાને લો:

1. બાબ-અલ-મંડેબ - દક્ષિણ અમેરિકાની મુખ્ય ભૂમિ અને તિએરા ડેલ ફ્યુગો

2. હોર્મુઝની સમુદ્રધૂની - પર્સિયન ગલ્ફ (ઈરાની અખાત) અને ઓમાનનો અખાત

3. મલક્કાની સમુદ્રધૂની - મલેશિયા અને સુમાત્રા

4. જીબ્રાલ્ટરની સમુદ્રધૂની - ભૂમધ્ય સમુદ્ર અને એટલાન્ટિક મહાસાગર

ઉપર પૈકી કયાં જોડકાં સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

35. ઘર્ષણ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સપાટી જેટલી ખરબચડી હશે, બધા કિસ્સાઓમાં ઘર્ષણ વધારે હશે.

2. ઘર્ષણ ફક્ત સપાટીઓના ખરબચડાપણા પર આધાર રાખે છે.

3. ઘર્ષણ ખરબચડાપણું, સપાટીઓની પ્રકૃતિ અને સામાન્ય બળ પર આધાર રાખે છે.

4. સુંવાળી સપાટીઓમાં હંમેશા શૂન્ય ઘર્ષણ હોય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 3

(D) ફક્ત 1, 3 અને 4

36. ઉચ્ચ ફુગાવાનો અનુભવ કરી ચૂકેલા અર્થતંત્રના સંદર્ભમાં નીચેનામાંથી કયું ફુગાવા વિરોધી પગલું છે?

(A) આવકવેરાના દરોમાં ઘટાડો અને સરકારી ખર્ચમાં વધારો

(B) સરકારી ખર્ચમાં ઘટાડો અને આવકવેરાના દરોમાં વધારો

(C) સરકારી ખર્ચમાં વધારો અને આવકવેરાના દરોમાં વધારો

(D) મધ્યસ્થ બેંક દ્વારા અનામત જરૂરિયાતોમાં ઘટાડો અને સરકારી ખર્ચમાં વધારો

37. મહાજનપદોના સમય સંદર્ભે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. અંગ અને મગધ ગંગાની ખીણના ડાંગર પકવતા ક્ષેત્રમાં આવેલા હતા.

2. સૌથી શક્તિશાળી મહાજનપદ તરીકે મગધના ઉદયના મુખ્ય કારણોમાંનું એક તેનો સમૃદ્ધ (Thriving) વ્યાપાર હતો.

3. કૌશલ રાજ્યની રાજધાની અયોધ્યા હતી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 3

(D) 1, 2 અને 3

38. વિશ્વ બેંક જૂથ (World Bank Group)નો ભાગ હોય તેવી સંસ્થા/ઓ નીચેનામાંથી કઈ/કઈ કઈ છે?

1. IBRD
2. IMF
3. IDA
4. BIS

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 1 અને 3
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 4

39. નીચે આપેલું વિધાન અને નિષ્કર્ષો ધ્યાને લો:

વિધાન: કેટલીક બોલપેન પેન્સિલ છે. કેટલીક સ્કેચપેન છે. કોઈ પણ સ્કેચપેન ફાઉન્ટનપેન નથી.

નિષ્કર્ષો: 1. કોઈ પણ પેન્સિલ ફાઉન્ટનપેન નથી.

2. કેટલીક પેન્સિલ બોલપેન છે અને કેટલીક સ્કેચપેન પેન્સિલ છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) નિષ્કર્ષો 1 અને 2 વિધાનને અનુસરે છે.
(B) નિષ્કર્ષ 1 વિધાનને અનુસરે છે.
(C) નિષ્કર્ષ 2 વિધાનને અનુસરે છે.
(D) નિષ્કર્ષ 1 અથવા 2 કોઈ પણ વિધાનને અનુસરતા નથી.

40. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. લોકસભામાં રાજ્યોના પ્રાદેશિક મતવિસ્તારોમાંથી સીધી ચૂંટણી દ્વારા પસંદ કરાયેલા પાંચસો બત્રીસથી વધુ સભ્યો નહીં હોય.
2. લોકસભામાં કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરવા માટે વીસ સભ્યો હશે.
3. 104મા બંધારણીય સુધારા કાયદાએ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં એંગ્લો-ઇન્ડિયન સમુદાય માટે અનામત બેઠકો નાબૂદ કરીને ભારતની અનામત પ્રણાલી પર સ્પષ્ટ અસર કરી. આ કાયદાનો ઉદ્દેશ્ય એંગ્લો-ઇન્ડિયન લઘુમતી માટેની જોગવાઈનો અંત લાવીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથોને ટેકો આપવાનું ચાલુ રાખવાનો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1
(C) 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 3

41. પશ્ચિમ ઘાટ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પશ્ચિમ ઘાટ એ જૈવવિવિધતાનું કેન્દ્ર છે. તે જૈવિક રીતે સમૃદ્ધ પરંતુ જોખમી પ્રદેશ (Threatened region) અને યુનેસ્કો (UNESCO) વિશ્વ વિરાસત સ્થળ (World Heritage site) છે.

2. પશ્ચિમ ઘાટનો પશ્ચિમ બાજુનો ઢાળ વધુ ઊંચો અને પૂર્વ બાજુએ હળવો ઢાળ છે.

3. પશ્ચિમ ઘાટ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્તરે 'સહ્યાદ્રિ' અને કેરળમાં 'નીલગિરીની ટેકરીઓ' તરીકે ઓળખાય છે.

4. પશ્ચિમ ઘાટની ઊંચાઈ ઉત્તરથી દક્ષિણ તરફ ઘટતી જાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

42. અરવલ્લી પર્વતમાળા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે એક ટેકટોનીક પ્રવૃત્તિ સક્રિય પર્વતમાળા છે.

2. તે સૌથી જૂના ગેડ પર્વતોમાંનો એક છે.

3. તે જ્વાળામુખી ફાટવાથી બનેલ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

43. વિનિમય દરના વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ચલણનું અવમૂલ્યન સરકાર અથવા નાણાકીય સત્તા મંડળ દ્વારા કરવામાં આવે છે.

2. માંગ અને પુરવઠાના બજાર પરિબળોના કારણે ચલણના મૂલ્યમાં ઘસારો થાય છે.

3. નિકાસ અને આયાત પરના ફેરફારોની વાત કરીએ તો, ચલણના અવમૂલ્યન અને ચલણના મૂલ્યમાં ઘસારો બંનેની અસરો સમાન છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

44. નીચેનામાંથી કયા શાસકો જૈન ધર્મના સમર્થક હતા?

1. ચંદ્રગુપ્ત મૌર્ય

2. ખારવેલ

3. અમોઘવર્ષ પહેલો

4. ધર્મપાલ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1, 2 અને 3

(D) ફક્ત 2, 3 અને 4

45. 16મી બ્રિક્સ સમિટ (કાઝાન, રશિયા)માં નીચેનામાંથી કોનો પૂર્ણ સભ્યો તરીકે ઔપચારિક સમાવેશ કરવામાં આવ્યો હતો?

1. ઇન્ડોનેશિયા અને થાઇલેન્ડ

2. ઇરાન, ઇજિપ્ત, ઇથિયોપિયા અને યુ.એ.ઈ.

3. આર્જેન્ટિના અને તુર્કી

4. મેક્સિકો અને નાઇજીરિયા

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) ફક્ત 2 અને 3

(D) ફક્ત 4

46. નીચેની સંખ્યાઓ પૈકી કઈ સંખ્યાને 1થી 9 સુધીના તમામ અંકો વડે નિ:શેષ ભાગી શકાય?

(A) 2640 (B) 2520 (C) 2160 (D) 4850

47. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતના રાષ્ટ્રપતિ એવી વ્યક્તિને ભારતના એટર્ની-જનરલ તરીકે નિયુક્ત કરી શકે છે, જે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે નિયુક્ત થવા માટે લાયક હોય અને રાષ્ટ્રપતિની મરજી સુધી પદ સંભાળશે.

2. ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (Comptroller and Auditor-General)ની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે, જે રાષ્ટ્રપતિની મરજી સુધી પદ સંભાળશે.

3. મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવશે અને તેમને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની જેમ જ અને તે જ રીતે પદ પરથી દૂર કરી શકાય છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3

(C) 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 3

48. ગુજરાતમાં નર્મદા નદી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. નર્મદા નદી મધ્યપ્રદેશના વિંધ્યાચલ ટેકરીઓમાંથી નીકળે છે અને ખંભાતના અખાતને મળે છે.

2. ઓરસંગ એ નર્મદા નદીના જમણા કાંઠાની સહાયક નદી છે અને કરજણ એ ડાબા કાંઠાની સહાયક નદી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

49. ભારતના ત્રિ-સ્તરીય પરમાણુ કાર્યક્રમ (Three-stage nuclear programme) ના સંદર્ભમાં:

તબક્કો ૧: પ્લુટોનિયમનું ઉત્પાદન કરતા યુરેનિયમ આધારિત રિએક્ટર્સ

તબક્કો ૨: પ્લુટોનિયમ આધારિત ફાસ્ટ બ્રીડર રિએક્ટર્સ

તબક્કો ૩: થોરિયમનો ઉપયોગ

પ્રોટોટાઇપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર (PFBR)માં 'પ્રથમ ક્રિટિકાલિટી' (First Criticality) ની સિદ્ધિ શું સૂચવે છે?

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ભારતે તબક્કો-૧ અને તબક્કો-૨ પૂર્ણ કરી લીધા છે.

(B) ભારતે હજી હમણાં જ તબક્કો-૨ માં પ્રવેશ કર્યો છે.

(C) ભારતે તબક્કો-૨ પૂર્ણ કરી લીધો છે અને તબક્કો-૩ માં પ્રવેશ કર્યો છે.

(D) ભારતે ત્રણેય તબક્કાઓને સંપૂર્ણપણે કાર્યરત કરી દીધા છે.

50. નીચેનામાંથી કયું 1990ના દાયકામાં રજૂ કરાયેલ નાણાકીય અને નાણાકીય ક્ષેત્રના સુધારાનો ભાગ નથી?

(A) વ્યાજદરોને નિયંત્રણ મુક્ત કરવા

(B) બેન્કોમાં ખાનગી અને વિદેશી રોકાણો પર પ્રતિબંધ

(C) જાહેર ક્ષેત્રની બેંકો પર બિન-કાર્યક્ષમ અસ્કયામતોનો બોજ ઘટાડવો

(D) રોકડ અનામત પ્રમાણ અને વૈધાનિક તરલતા પ્રમાણમાં ઘટાડો

51. ચોલ શાસકો વિશે નીચેના વિધાનો ધ્યાને લો:

1. ચોલ શાસકોએ સિંચાઈ યોજનાઓ હાથ ધરી હતી અને કાવેરી તેમજ અન્ય નદીઓ પર પથ્થરના વિશાળ બંધ બાંધ્યા હતા.

2. રાજરાજા પહેલાએ તેમની નવી રાજધાની ગંગઈકોંડા ચોલપુરમ નજીક આસપાસની નદીઓના પાણીથી ભરાયેલું એક કૃત્રિમ સરોવર ખોદાવ્યું હતું.

3. રાજરાજા પહેલો પોતે ભગવાન શિવના ઉપાસક હતા પરંતુ તેમણે વિષ્ણુ મંદિરના નિર્માણ માટે દાન આપ્યું હતું.

4. રાજરાજા પહેલાએ ગંગા નદી સુધી એક વિશાળ લશ્કરી કૂચનું આયોજન કર્યું હતું અને તેની યાદમાં તેમણે 'ગંગઈકોંડા'નું બિરુદ ધારણ કર્યું હતું.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 3 અને 4
(C) ફક્ત 1 અને 3
(D) ફક્ત 2 અને 4

52. 1936નું "મોન્ટ્રિક્સ કન્વેન્શન" (Montreux Convention) કયા વ્યૂહાત્મક જળમાર્ગમાંથી નૌકાદળના યુદ્ધ જહાજોના પરિવહનને નિયંત્રિત કરે છે, જે તાજેતરના કાળા સમુદ્રના સંકટ દરમિયાન ભારે વિવાદમાં રહ્યો હતો?

1. સુએઝ નહેર

2. તુર્કીની સામુદ્રધુની - બોસ્પોરસ અને ડાર્ડેનેલ્સ

3. હોર્મુઝની સામુદ્રધુની

4. મલક્કાની સામુદ્રધુની

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 4

53. દર 48 સેકન્ડ, 72 સેકન્ડ અને 108 સેકન્ડ પછી ત્રણ જુદા જુદા રોડ ક્રોસિંગ પર ટ્રાફિક લાઈટ બદલાય છે. જો લાઈટ 8:20:54 કલાકે એક સાથે બદલાઈ હોય તો તેઓ ફરી એક સાથે ક્યારે બદલાશે?

(A) 8:27:40 કલાકે
(B) 8:29:00 કલાકે
(C) 8:28:06 કલાકે
(D) 9:38:06 કલાકે

54. ઇમરાન પ્રતાપગઢી વિરુદ્ધ ગુજરાત રાજ્ય અને અન્ય (SC 2025)નો ઐતિહાસિક ચુકાદો શેના સંબંધિત હતો?

(A) ફોરેનર્સ એક્ટ, 1946 હેઠળ કોઈ વ્યક્તિની રાષ્ટ્રીયતા પર શંકા કરીને તેની સામે કાનૂની કાર્યવાહી શરૂ કરવાના ધોરણો અંગે.
(B) બંધારણના અનુચ્છેદ 19(1)(a) હેઠળ આપવામાં આવેલા વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૂળભૂત અધિકાર અંગે.
(C) શું જામીનની શરત તરીકે કોઈ આરોપીને ગૂગલ મેપ્સ (Google Maps) પર પોતાનું લાઈવ લોકેશન શેર કરવાની ફરજ પાડી શકાય કે કેમ તે અંગે.
(D) સમાજના આર્થિક રીતે નબળા વર્ગો (EWS) ને અનામત આપતા 103મા બંધારણીય સુધારાને બંધારણીય પડકાર આપવા અંગે.

55. લાક્ષણિક વાયુમાર્ગ અને સ્રોત પ્રદેશોનાં નીચે આપેલાં જોડકાં ધ્યાને લો:

| | |
|---|---|
| 1. દરિયાઈ વિષુવવૃત્તીય: | વિષુવવૃત્તીય ક્ષેત્રમાં ગરમ મહાસાગરો |
| 2. દરિયાઈ ધ્રુવીય: | ઉષ્ણકટિબંધીય ક્ષેત્રમાં ગરમ મહાસાગરો |
| 3. ખંડીય ઉષ્ણકટિબંધીય: | ઉષ્ણકટિબંધીય ક્ષેત્રમાં ઓછા ગરમ મહાસાગરો |
| 4. ખંડીય ધ્રુવીય: | ધ્રુવીય ક્ષેત્રમાં ભેજવાળા મહાસાગરો |

ઉપર પૈકી કયું/કયાં જોડકું/જોડકાં સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 3 અને 4
(D) ફક્ત 2, 3 અને 4

56. રણના છોડ/વનસ્પતિ પાણીનો વ્યય ઘટાડવા માટે દિવસ દરમિયાન પોતાના પર્ણરંધ્રો બંધ રાખે છે. તો પછી તેઓ આવી પરિસ્થિતિઓમાં પ્રકાશસંશ્લેષણ કેવી રીતે કરે છે?

(A) તેમને પ્રકાશસંશ્લેષણ માટે $CO_2$ ની જરૂર હોતી નથી.

(B) તેઓ મૂળ દ્વારા $CO_2$ નું શોષણ કરે છે.

(C) તેઓ રાત્રિ દરમિયાન $CO_2$ નો સંગ્રહ કરે છે.

(D) તેઓ માત્ર રાત્રે જ પ્રકાશસંશ્લેષણ કરે છે.

57. ભારતીય રૂપિયાની મૂડી ખાતાની પરિવર્તન ક્ષમતા દ્વારા શું સૂચિત થાય છે?

(A) તેનો અર્થ એ છે કે નાણાકીય અસ્કયામતોના વેપારના હેતુ માટે ભારતીય રૂપિયાને કોઈપણ મુખ્ય ચલણ સાથે બદલી શકાય છે.

(B) તેનો અર્થ એ છે કે વસ્તુઓ અને સેવાઓના વેપારના હેતુ માટે ભારતીય રૂપિયાને કોઈપણ મુખ્ય ચલણ સાથે બદલી શકાય છે.

(C) તેનો અર્થ એ છે કે અધિકૃત વિક્રેતાઓ દ્વારા વ્યવસાયિક મુસાફરી માટે ભારતીય રૂપિયાનું વિનિમય કરી શકાય છે.

(D) તેનો અર્થ એ છે કે અધિકૃત વિક્રેતાઓ દ્વારા વ્યક્તિગત મુસાફરી અને વિદેશમાં ખરીદી માટે ભારતીય રૂપિયાનું વિનિમય કરી શકાય છે.

58. બુદ્ધ ધર્મ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. બુદ્ધના શિષ્ય આનંદે બુદ્ધને સમજાવી મહિલાઓના સંઘમાં પ્રવેશની અનુમતી મેળવી.

2. ગૌતમી સંઘમાં પ્રવેશ મેળવનારી પ્રથમ ભિક્ષુણી હતી.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

59. "અબ્રાહમ એકોર્ડ્સ" (Abraham Accords) એ ઇઝરાયેલ અને કયા દેશોના જૂથ વચ્ચે રાજદ્વારી સંબંધોના સામાન્યીકરણ (નોર્મલાઈઝેશન)ની પ્રક્રિયાને સરળ બનાવી હતી?

1. સાઉદી અરેબિયા, ઓમાન, કતાર

2. યુ.એ.ઈ. (UAE), બહેરીન, સુદાન, મોરોક્કો

3. ઇજિપ્ત, જોર્ડન, સીરિયા

4. તુર્કી, ઇરાન, ઇરાક

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) ફક્ત 2 અને 3
(D) ફક્ત 4

60. એક શહેરની કુલ વસ્તી 3,00,000 છે, જેમાં 1,80,000 પુરૂષો છે. કુલ 50% વસ્તી શિક્ષિત છે અને જો 45% પુરૂષો શિક્ષિત હોય તો શિક્ષિત સ્ત્રીઓની સંખ્યા કેટલી?

(A) 48,000
(B) 32,000
(C) 68,000
(D) 69,000

61. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાજ્યના રાજ્યપાલ રાજ્ય ચૂંટણી કમિશનર સાથે પરામર્શ કરીને પંચાયતોની રચના અંગેની જોગવાઈઓ કરશે.

2. રાજ્યની ધારાસભા, કાયદા દ્વારા, પંચાયતો દ્વારા હિસાબો રાખવા અને આવા હિસાબોના ઓડિટ કરવા અંગેની જોગવાઈઓ કરી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

62. નીચે આપેલી ભારતની તેલ રીફાઇનરીઓને પૂર્વથી પશ્ચિમમાં ગોઠવો:

1. તાતીપાકા

2. નુમાલીગઢ

3. પારાદીપ

4. હલ્દિયા

નીચેનામાંથી યોગ્ય ક્રમનો વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3, 4

(B) 1, 3, 4, 2

(C) 3, 1, 2, 4

(D) 2, 4, 3, 1

63. જૈવવિવિધતા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. જૈવવિવિધતામાં (Biodiversity) વધારો થવાથી ઉત્પાદકતામાં વધારો થઈ શકે છે.

2. ઉત્પાદકતામાં વધારો લગભગ હંમેશાં જૈવવિવિધતામાં ઘટાડો કરે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ

64. નીચેના સ્તંભોને ધ્યાને લો:

1. ઘરેલું સમર્થન

2. બજાર

3. નિકાસ સબસીડી

ઉપર આપેલા કયા સ્તંભો વિશ્વ વેપાર સંગઠનના કૃષિ કરારમાં સમાવિષ્ટ છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 1 અને 3

(C) ફક્ત 2 અને 3

(D) 1, 2 અને 3

65. શીખ ધર્મ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ગુરુ નાનકની ધાર્મિક ફિલસૂફીમાં કબીરના વિચારો સાથે નોંધપાત્ર સામ્યતા હતી.

2. ગુરુ નાનકે તેમના મૃત્યુ પછી તેમના શિષ્ય ભાઈ લહેણાને તેમના ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કર્યા.

3. ગુરુ ગોવિંદ સિંહે ખાલસા પંથની સ્થાપના કરીને શીખ સમુદાયને એક ઔપચારિક લશ્કરી બંધુત્વમાં પરિવર્તિત કર્યો હતો.

4. ગુરુ અર્જુન દેવે આદિ ગ્રંથનું સંકલન કરીને શીખ ઓળખને સુદૃઢ કરી હતી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 3 અને 4
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

66. ભારતના સીમાંકન પંચ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. પંચની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

2. તે ભારતના ચૂંટણી પંચના સહયોગમાં કામ કરે છે.

3. સીમાંકન પંચના આદેશોને કોઈપણ અદાલતમાં પડકારી શકાતા નથી.

4. છેલ્લું સીમાંકન પંચ 2002માં સ્થાપવામાં આવ્યું હતું.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 3 અને 4
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

67. એક ક્રિકેટ ટીમમાં કુલ 11 સભ્યો છે, તેના કેપ્ટનની ઉંમર 26 વર્ષ છે અને તે ટીમમાં સૌથી નાના ખેલાડીની ઉંમર 15 વર્ષ છે. જો તે બંનેની ઉંમર બાદ કરવામાં આવે તો બાકીના ખેલાડીઓની સરેરાશ ઉંમર આખી ટીમની સરેરાશ ઉંમર કરતાં 1 વર્ષ ઓછી થાય છે. તો આખી ટીમની સરેરાશ ઉંમર કેટલી હશે?

(A) 16 વર્ષ
(B) 20 વર્ષ
(C) 26 વર્ષ
(D) 18 વર્ષ

68. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાજ્યની ધારાસભા, રાજ્ય ચૂંટણી કમિશનર સાથે પરામર્શ કરીને દસ લાખ કે તેથી વધુ વસ્તી ધરાવતી નગરપાલિકાના પ્રાદેશિક વિસ્તારની અંદર 'વોર્ડ'ની રચના કરી શકે છે.
2. બંધારણ એવી જોગવાઈ કરે છે કે પ્રત્યેક નગરપાલિકામાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે બેઠકો અનામત રાખવામાં આવશે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

69. ભારતમાં આર્થિક રીતે નીચેનામાંથી કયા ખડકો સૌથી મહત્વપૂર્ણ છે?

(A) વિંધ્ય ખડકો
(B) કડપ્પા ખડકો
(C) કેમ્બ્રિયન ખડકો
(D) ધારવાડ ખડકો

70. નેનો (લિક્વિડ) યુરિયા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ દ્વારા સ્વદેશી રીતે વિકસિત અને પેટન્ટ કરાયેલ છે.
2. તેમાં લગભગ 4% નાઇટ્રોજન હોય છે.
3. પાંદડાની સપાટીમાંથી પ્રવેશ્યા પછી, તે ઝાયલેમ વાહિનીઓ દ્વારા છોડના અન્ય ભાગોમાં સરળતાથી સ્થાનાંતરિત થાય છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

71. નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. ભારતમાં મુસાફરો અને માલવાહક પરિવહન બંનેમાં માર્ગ પરિવહનનો હિસ્સો 50%થી વધુ છે.

2. નાગરિક ઉડ્ડયન માટેના સ્થાનિક બજારની દૃષ્ટિએ ભારત વૈશ્વિક સ્તરે પ્રથમ ક્રમે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

72. ભારતીય રાષ્ટ્રીય ચળવળ અને ગુજરાત વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રોલેટ સત્યાગ્રહ બાદ અને અસહકાર આંદોલનની શરૂઆત પહેલાં બોરસદ સત્યાગ્રહ ઔપચારિક રીતે શરૂ કરવામાં આવ્યો હતો.

2. ચૌરી-ચૌરાની ઘટના બાદ અસહકાર આંદોલન પાછું ખેંચાવાના કારણે રાષ્ટ્રીય આંદોલનના ઘટેલા મનોબળને પુનર્જીવિત કરવા માટે બારડોલી સત્યાગ્રહ(1928)ને સભાનપણે મોટા પાયે સત્યાગ્રહના પ્રયોગ તરીકે તૈયાર કરવામાં આવ્યો હતો.

3. સાબરમતી આશ્રમ મૂળ કોચરબ બંગલા ખાતે આવેલો હતો, જેને પાછળથી 1917માં સાબરમતી નદીના ઉત્તર કિનારે ખસેડવામાં આવ્યો હતો. આ સ્થળ મીઠાના સત્યાગ્રહ (દાંડી કૂચ) સહિતના કેટલાક મહત્વપૂર્ણ આંદોલનોનું મુખ્ય કેન્દ્ર બન્યું હતું.

4. 1918ના ખેડા સત્યાગ્રહમાં, ખેડૂતોની માંગ માત્ર દુષ્કાળની સ્થિતિમાં જમીન મહેસૂલ મોકૂફ રાખવાની જ નહોતી, પરંતુ 1907-08ના મહેસૂલ માળખાના 1017માં કરાયેલા પુનઃમૂલ્યાંકન પછી લાદવામાં આવેલા મહેસૂલ વધારાને રદ કરવાની પણ હતી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 2 અને 4
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 2, 3 અને 4
(D) ફક્ત 1, 2 અને 3

73. ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તેની સહ-સ્થાપના ભારત અને ફ્રાન્સ દ્વારા કરવામાં આવી હતી.

2. તેનું મુખ્ય મથક ગુરુગ્રામ, ભારતમાં આવેલું છે.

3. "વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ" પહેલ આઈ.એસ.એ.સાથે જોડાયેલી છે.

4. માત્ર કર્કવૃત્ત અને મકરવૃત્ત વચ્ચે સ્થિત દેશો જ સભ્ય બની શકે છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 3 અને 4 (D) 1, 2, 3 અને 4

74. એક દુકાનદારે 14% નુકસાન સાથે એક પુસ્તક વેચ્યું. જો તેની વેચાણ કિંમતમાં ₹ 120નો વધારો કરવામાં આવ્યો હોત તો, દુકાનદારને 10% ફાયદો થયો હોત, તો પુસ્તકની પડતર કિંમત કેટલી હશે?

(A) ₹ 540 (B) ₹ 600

(C) ₹ 640 (D) ₹ 500

75. વિકસિત ભારત—ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) અધિનિયમ હેઠળ, આ કાયદાની જોગવાઈઓના અમલીકરણમાં પારદર્શિતા અને જવાબદારી નીચેનામાંથી શાના દ્વારા સુનિશ્ચિત કરવામાં આવશે?

1. કામદારો, પદાધિકારીઓ અને નાણાકીય વ્યવહારોનું બાયોમેટ્રિક પ્રમાણીકરણ (AUTHENTICATION)

2. જીઓસ્પેશિયલ ટેક્નોલોજી-આધારિત આયોજન, જેમાં જીઓ-રેફરન્સિંગ (સ્થાન નિર્ધારણ), ઉપગ્રહ ચિત્રો (સેટેલાઇટ ઇમેજરી) અને કામોનું ડિજિટલ મેપિંગ સામેલ છે.

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બંને (D) બંનેમાંથી એક પણ નહિ

76. નીચેનામાંથી કયાં જળપ્લાવિત ક્ષેત્રો(Wetlands) ભારતમાં રામસર સાઇટ્સ (Ramsar Sites) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે?

1. છારીઢંઢ
2. લોકતક
3. નકતી પક્ષી અભયારણ્ય
4. વુલર તળાવ

નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

77. ભારતમાં અંગ્રેજ શાસન દરમિયાન કરવામાં આવેલા વહીવટી સુધારાઓ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાઓ દ્વારા પ્રાંતોમાં દ્વિમુખી શાસન પદ્ધતિ દાખલ કરવામાં આવી હતી.
2. દ્વિમુખી શાસન પદ્ધતિ હેઠળ પોલીસ અને મહેસૂલ જેવા વિષયો વિધાનપરિષદને જવાબદાર એવા મંત્રીઓને હસ્તાંતરિત (ટ્રાન્સફર) કરવામાં આવ્યા હતા.
3. 1909ના ભારતીય પરિષદ અધિનિયમ દ્વારા મુસ્લિમો માટે અલગ મતદારમંડળ દાખલ કરવામાં આવ્યું હતું.
4. ભારત સરકાર અધિનિયમ 1935 દ્વારા પ્રાંતીય સ્વાયત્તતા નાબૂદ કરવામાં આવી હતી અને કેન્દ્રીય નિયંત્રણ મજબૂત કરાયું હતું.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 1, 2 અને 3
(C) ફક્ત 2 અને 4
(D) ફક્ત 1, 3 અને 4

78. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુ.એન.જી.એ.) અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. યુ.એન.જી.એ. માં દરેક સભ્ય દેશ પાસે એક મત હોય છે.

2. મહત્વના પ્રશ્નો (જેમ કે શાંતિ અને સુરક્ષા) પરના નિર્ણયો માટે બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે.

3. યુ.એન.જી.એ.ના પ્રમુખ પાંચ વર્ષની મુદત માટે ચૂંટાય છે.

4. ભારતના વિજયલક્ષ્મી પંડિત યુ.એન.જી.એ.ના પ્રથમ મહિલા પ્રમુખ હતાં.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 4
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2, 3 અને 4

79. એક નળ બીજા નળ કરતાં 4 ગણી ઝડપથી એક ટાંકી ભરી શકે છે. જો બંને નળ એક સાથે ખોલવામાં આવે તો ટાંકી 30 મિનિટમાં ભરાઈ જાય છે, તો ધીમા નળ ને ટાંકી ભરવા કેટલો સમય લાગે?

(A) 180 મિનિટ
(B) 120 મિનિટ
(C) 150 મિનિટ
(D) 175 મિનિટ

80. કેન્દ્રીય અન્વેષણ બ્યુરો (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન-CBI) વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI), ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

2. CBI તેની સત્તાઓ 'દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ (DSPE) એક્ટ'માંથી મેળવે છે, જે આ કાયદા હેઠળ કામ કરતા અધિકારીઓને સમાન અને સહ-વ્યાપક (concurrent and co-extensive) સત્તાઓ, ફરજો, વિશેષાધિકારો અને જવાબદારીઓ પ્રદાન કરે છે.

3. ગુનાની તપાસ માટે CBI પાસે નીચેના ત્રણ વિભાગો છે: (i) ભ્રષ્ટાચાર વિરોધી વિભાગ (Anti-Corruption Division), (ii) આર્થિક ગુના વિભાગ (Economic Offences Division) અને (iii) વિશેષ ગુના વિભાગ (Special Crimes Division).

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1 અને 3
(C) 1, 2 અને 3
(D) ફક્ત 2 અને 3

81. લિપુલેખ ઘાટ ક્યાં આવેલો છે?

(A) પંજાબ હિમાલય

(B) સિક્કિમ હિમાલય

(C) કુમાઉ હિમાલય

(D) કાશ્મીર હિમાલય

82. મહાત્મા ગાંધી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મહાત્મા ગાંધી તેમના જન આંદોલનની પદ્ધતિને કારણે ભારતમાં સૌથી વધુ લોકપ્રિય અને સ્વીકાર્ય વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા હતા.

2. તેમના ધ્યેયો તેમજ રાષ્ટ્રીય સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટેના તેમના સાધનો સત્ય અને અહિંસા હતાં.

3. ગાંધીજીએ ગુજરાતમાં ખેડા સત્યાગ્રહ સાથે ભારતીય રાજકારણમાં પ્રવેશ કર્યો હતો.

4. ગાંધીજીએ ભારતમાં પ્રથમ વખત ચંપારણ સત્યાગ્રહ દરમિયાન ઉપવાસ કર્યા હતા.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 3 અને 4

(C) ફક્ત 3

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહિ

83. ભારતમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તાજેતરમાં સિંગાપોર સતત ભારતમાં એફડીઆઈનો ટોચનો સ્ત્રોત રહ્યો છે.

2. કેટલીક પ્રવૃત્તિઓ માટે અવકાશ ક્ષેત્રમાં ઓટોમેટિક રૂટ હેઠળ 100% એફડીઆઈની મંજૂરી છે.

3. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ એફડીઆઈ પર નજર રાખે છે.

4. લોટરી વ્યવસાય અને જુગારમાં એફડીઆઈ પર પ્રતિબંધ છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3

(B) ફક્ત 2 અને 4

(C) ફક્ત 1, 2 અને 4

(D) 1, 2, 3 અને 4

84. ભારતની વિદેશ નીતિ (India's Foreign Policy)ના સંદર્ભમાં નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મેકોંગ-ગંગા કોઓપરેશન (MGC - મેકોંગ-ગંગા સહયોગ) એ છ દેશોની એક પહેલ છે – જેમાં ભારત અને પાંચ આસિયાન (ASEAN) દેશો, એટલે કે કમ્બોડિયા, લાઓ પીડીઆર (લાઓસ), મ્યાનમાર, થાઈલેન્ડ અને વિયેતનામ સામેલ છે, જે પ્રવાસન, સંસ્કૃતિ, શિક્ષણ, તેમજ પરિવહન અને સંદેશાવ્યવહારના ક્ષેત્રોમાં સહયોગ માટે રચાયેલી છે.

2. આ સહયોગનો વધુ વિસ્તાર કરીને તેમાં આરોગ્ય અને પરંપરાગત દવાઓ, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો, નાના અને મધ્યમ ઉદ્યોગો (SMEs), જળ સંસાધન વ્યવસ્થાપન, વિજ્ઞાન અને ટેકનોલોજી, કૌશલ્ય વિકાસ તેમજ ક્ષમતા નિર્માણ જેવાં નવા ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

3. આ જૂથ, જેને શરૂઆતમાં 'ગંગા સુવર્ણભૂમિ પ્રોગ્રામ' (GMSP) કહેવામાં આવતું હતું, તેની શરૂઆત નવેમ્બર 2000માં વિયેન્ટિયાન, લાઓ પીડીઆર ખાતે 'વિયેન્ટિયાન જાહેરનામું' (Vientiane Declaration) હસ્તાક્ષર કરીને કરવામાં આવી હતી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 3
(B) 1, 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) એક પણ નહિ

85. વ્યાપારી પવનો વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. વ્યાપારી પવનો એવા સતત વાતા પવનો છે, જે ઉપોષ્ણકટિબંધીય ઉચ્ચ દબાણવાળા પટ્ટાઓ તરફથી આંતર-ઉષ્ણકટિબંધીય અભિસરણ ક્ષેત્ર (Intertropical Convergence Zone-ITCZ) સુધી પશ્ચિમ તરફ અને વિષુવવૃત્ત તરફ વાય છે.

2. તે મહાસાગરો કરતાં જમીન પર વધુ મજબૂત અને સુસંગત છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

86. ભારત છોડો આંદોલનમાં ખેડૂતોની ભાગીદારી વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. આ ચળવળમાં તમામ વર્ગના ખેડૂતોએ સક્રિય ભાગ લીધો હતો.

2. પૂર્વી ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ અને મહારાષ્ટ્રમાં ખેડૂતોની ભાગીદારી સૌથી વધુ નોંધનીય હતી.

3. ખેડૂતોએ બ્રિટિશ સત્તાના પ્રતીક પર હુમલો કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

4. જમીનદારી વિરોધી હિંસા દ્વારા ખેડૂતોની ભાગીદારી નોંધનીય હતી.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 3
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 2 અને 3
(D) 1, 2, 3 અને 4

87. "સોવરિન ગોલ્ડ બોન્ડ" યોજના અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. એસ.જી.બી. ભારત સરકાર વતી આરબીઆઈ દ્વારા બહાર પાડવામાં આવે છે.

2. બોન્ડની મુદત 8 વર્ષની છે અને 5માં વર્ષ પછી બહાર નીકળવાનો વિકલ્પ છે.

3. લઘુત્તમ રોકાણ 1 ગ્રામ સોનું છે.

4. આ બોન્ડ પર મળતું વ્યાજ સંપૂર્ણપણે કરમુક્ત છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1, 2 અને 3
(B) ફક્ત 2 અને 4
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2, 3 અને 4

88. લોકસભામાં કોઈપણ ખરડો (Bill) 'નાણાં ખરડો' (Money Bill) છે કે નહીં તે નક્કી કરવાની આખરી સત્તા કોની પાસે છે?

(A) રાષ્ટ્રપતિ
(B) વડાપ્રધાન
(C) લોકસભાના અધ્યક્ષ
(D) કેન્દ્રીય નાણાં મંત્રી

 [Contd.

89. 2011ની વસ્તી ગણતરી મુજબ શહેરી વસ્તીની ટકાવારીના આધારે નીચેનાં ભારતીય રાજ્યોને ઉતરતા ક્રમમાં ગોઠવો.

(A) તમિલનાડુ, ગુજરાત, કેરળ, મહારાષ્ટ્ર

(B) મહારાષ્ટ્ર, કેરળ, તમિલનાડુ, ગુજરાત

(C) તમિલનાડુ, કેરળ, મહારાષ્ટ્ર, ગુજરાત

(D) મહારાષ્ટ્ર, તમિલનાડુ, ગુજરાત, કેરળ

90. ભારતમાં કેબિનેટ મિશન વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો: Cancelled

1. 1946માં બ્રિટિશ સરકારે સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડિયા પેથીક લોરેન્સની બનેલી કેબિનેટ મિશન ભારત મોકલવાના નિર્ણયની જાહેરાત કરી હતી.

2. ભારતીય લોકમત ધરાવતા નેતાઓ સાથે લાંબી ચર્ચાઓ કર્યા પછી, કેબિનેટ મિશને ભારતમાં રાજકીય મડાગાંઠ ઉકેલવા માટે તેની યોજનાની જાહેરાત કરી હતી.

3. તેણે દરખાસ્ત કરી હતી કે મુખ્ય રાજકીય પક્ષોનું સમર્થન ધરાવતી એક વચગાળાની સરકાર શક્ય તેટલી વહેલી તકે રચવામાં આવશે અને સત્તાના હસ્તાંતરણ પછી ભારતીય દેશી રાજ્યો પરની બ્રિટિશ સર્વોપરિતા સમાપ્ત થઈ જશે.

4. કોંગ્રેસ અને મુસ્લિમ લીગ બંનેએ બંધારણ સભાનો બહિષ્કાર કર્યો હતો.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1 અને 2

(B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1 અને 3

(D) ફક્ત 2 અને 4

91. ભારતમાં "પ્રોજેક્ટ ચિત્તા" અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે વિશ્વનો પ્રથમ આંતર-ખંડીય મોટા જંગલી માંસાહારી પ્રાણી સ્થળાંતર પ્રોજેક્ટ છે.

2. નામિબિયા અને દક્ષિણ આફ્રિકાથી કુનો નેશનલ પાર્કમાં ચિત્તા લાવવામાં આવ્યા હતા.

3. એશિયાટીક ચિત્તા એ સબ-સ્પીસીસ છે જેને દાખલ કરવામાં આવી રહી છે.

4. 1952માં ભારતમાં ચિત્તા વિલુપ્ત જાહેર કરવામાં આવ્યા હતા.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 1, 2 અને 4
(C) ફક્ત 3 અને 4
(D) 1, 2, 3 અને 4

92. રાષ્ટ્રપતિ સામે મહાભિયોગ વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. રાષ્ટ્રપતિ સામે મહાભિયોગનો આરોપ સંસદના બંને ગૃહોમાંથી ગમે તે એક ગૃહમાં શરૂ કરી શકાય છે.

2. આ પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં રાષ્ટ્રપતિને 14 દિવસ પહેલાં લેખિત નોટિસ આપવી ફરજિયાત છે. આ નોટિસ પર ગૃહના કુલ સભ્યોના ઓછામાં ઓછા ચોથા ભાગના સભ્યોની સહી હોવી જરૂરી છે.

3. જે ગૃહમાં આરોપ મૂકાયો હોય, તે ગૃહના કુલ સભ્યોની સંખ્યાના ઓછામાં ઓછી બે-તૃતીયાંશ બહુમતીથી એ પ્રસ્તાવ પસાર થવો જોઈએ.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

93. કયું ભારતીય રાજ્ય નેપાળ, ભૂતાન અને ચીન એમ ત્રણ દેશો સાથે પોતાની સરહદો વહેંચે છે?

(A) સિક્કિમ
(B) અરૂણાચલ પ્રદેશ
(C) ઉત્તરાખંડ
(D) આસામ

94. ત્રિપિટક વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સુત્ત પિટકમાં ભગવાન બુદ્ધ અને તેમના મુખ્ય શિષ્યોના પ્રવચનો અને સંવાદોનો સંગ્રહ છે.

2. અભિધમ્મ પિટકમાં બુદ્ધના ઉપદેશોની ઊંડી અને દાર્શનિક ચર્ચા કરવામાં આવી છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

95. "પશ્ચિમ ઘાટ" અંગે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. તે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે.

2. તે હિમાલય પર્વતો કરતાં જૂના છે.

3. આનૈમુડી પશ્ચિમ ઘાટનું સૌથી ઊંચું શિખર છે.

ઉપર પૈકી કયાં વિધાનો સાચાં છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 3
(C) ફક્ત 2 અને 3
(D) 1, 2 અને 3

96. પક્ષાંતર વિરોધી કાયદા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. શરૂઆતમાં આ કાયદામાં એવી જોગવાઈ હતી કે અધ્યક્ષના નિર્ણયને કોર્ટમાં પડકારી શકાય નહીં.

2. સર્વોચ્ચ અદાલતે 1992માં ચુકાદો આપ્યો કે અધ્યક્ષનો નિર્ણય અંતિમ નથી અને જો તેઓ પક્ષપાત કરે તો અદાલત તેની ન્યાયિક સમીક્ષા કરી શકે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

97. વૈશ્વિક વેપારમાં વ્યૂહાત્મક વિક્ષેપ પેદા કરી શકે તેવા સાંકડા દરિયાઈ માર્ગો (ચોકપોઇન્ટ્સ)ના સંદર્ભમાં, નીચેના સ્થાનો પર વિચાર કરો:

1. હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz)

2. મલક્કાની સામુદ્રધુની (Strait of Malacca)

3. સુએઝ નહેર (Suez Canal)

4. પનામા નહેર (Panama Canal)

ઉપરોક્તમાંથી કયા વૈશ્વિક ઊર્જા અને વેપાર પ્રવાહને પ્રભાવિત કરતા મહત્વપૂર્ણ દરિયાઈ ચોકપોઇન્ટ્સ છે?

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

98. મૌર્યકાલીન અને ગુપ્તકાલીન સ્થાપત્ય કલા વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. સાંચીના સ્તૂપમાં આવેલા ચાર તોરણો (Gateways)નું નિર્માણ મૌર્ય કાળ દરમિયાન સમ્રાટ અશોક દ્વારા જ કરવામાં આવ્યું હતું.

2. દેવગઢનું દશાવતાર મંદિર (ઉત્તર પ્રદેશ) એ નાગર શૈલીની પંચાયતન શૈલીનું પ્રારંભિક ગુપ્તકાલીન ઉદાહરણ છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1
(B) ફક્ત 2
(C) 1 અને 2 બંને
(D) બંનેમાંથી એક પણ નહિ

99. નીચેનામાંથી કઈ જોડી સાચી રીતે જોડાયેલી નથી? Cancelled

| હવાનું દળ | લાક્ષણિકતા |
|---|---|
| (A) દરિયાઈ ઉષ્ણકટિબંધીય (mT) | ગરમ અને ભેજવાળું |
| (B) ખંડીય ધ્રુવીય (cP) | ઠંડુ અને સૂકું |
| (C) ગરમ આગળનો ભાગ | ઢાળ અને હિંસક હવામાન |
| (D) સ્થિર આગળનો ભાગ | થોડી આડી ગતિ |

 [Contd.

100. મધ્યકાલીન ભક્તિ આંદોલન અને સાહિત્ય વિશે નીચેનાં વિધાનો ધ્યાને લો:

1. મહારાષ્ટ્રના ભક્તિ આંદોલનમાં સંત જ્ઞાનેશ્વરે ભગવદ્ ગીતા પર મરાઠી ભાષામાં 'જ્ઞાનેશ્વરી' નામની ટીકા લખી હતી.

2. કબીરની વાણી અને ઉપદેશોનો સંગ્રહ માત્ર શીખ ધર્મના પવિત્ર ગ્રંથ 'ગુરુ ગ્રંથ સાહિબ' માં જ જોવા મળે છે.

ઉપર પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

(A) ફક્ત 1

(B) ફક્ત 2

(C) 1 અને 2 બંને

(D) બંનેમાંથી એક પણ નહિ